આદર્શ નિવાસી શાળા અને સરકારી છાત્રાલયોમાં CCTV કેમેરા લગાવવા અંગેની કુલ રૂ.૧૩.૦૫ કરોડની સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2024/2613/A-1 Section

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૦/૦૩/૨૦૨૫નો પત્ર.

**પ્રસ્તાવના:**

વંચાણે લીધેલા ક્રમાંક:(૧) પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવિષ્ટ ૩૦ આદર્શ નિવાસી શાળાઓના મકાન અને ૫૭ સરકારી છાત્રાલયોના મકાનમાં CCTV કેમેરા લગાવવા અંગેની કુલ રૂ.૧૩.૦૫ કરોડની નવી બાબતની વહીવટી મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, વિકસતી કલ્યાણ હસ્તકની ૩૦ આદર્શ નિવાસી શાળાઓના મકાન અને ૫૭ સરકારી છાત્રાલયનોના મકાન પૈકી એક આદર્શ નિવાસી શાળાને અંદાજીત ૨૨ CCTV લેખે ૩૦ આદર્શ નિવાસી શાળા માટે(૩૦*૨૨) કુલ ૬૬૦ CCTV અને એક સરકારી છાત્રાલયમાં ૧૩ CCTV કેમેરા લેખે ૫૭ સરકારી છાત્રાલયમાં માટે (૫૭*૧૩) કુલ ૭૪૧ CCTV કેમેરા લગાવવા અંગેની રૂ.૧૩.૦૫ કરોડની નવી બાબતને નીચે વિગતે અને શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો**

(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) લેપટોપ ખરીદી અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગના તા.૦૮/૦૮/૨૦૧૬ના પરિપત્રમાં જણાવેલ જોગવાઇ મુ8જબ અધિકારીશ્રીઓને લેપટોપ મળવાપાત્ર હોય તો તે મુજબની ખરીદી કરવાની રહેશે.

(૪) ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) આઇ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત વિભાગની થશે.

(૬) નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.

(૭) ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે. (વિકલ્પ લાગુ પડતો હોય ત્યા શરત સામેલ કરવી)

(૮) ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.

(૯) પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૦) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં

તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

(૧૧) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઇન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧૨) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૧૩) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકારા તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

(૧૫) જો કોઇ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.

(૧૬) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૭) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૨૦) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૧) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૨૨) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.

(૨૩) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨૪) પ્રવર્તમાન યોજનાઓના નોમ્સ અને સહાયની રકમોમાં જે ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

<u>પ્રસ્તુત નવી બાબતના ખર્ચ અંગેનું બજેટ સદર નીચે મુજબ છે.</u>

| | |
|---|---|
| માંગણી ક્રમ- | ૯૨ |
| મુખ્ય સદર- | ૪૨૨૫- અનુસુચિત જાતિઓ , અનૂસુચિત આદિજાતિઓ અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ |
| પેટા મુખ્ય સદર- | ૦૩-પછાત વર્ગોનું કલ્યાણ |
| ગૌણ સદર- | ૮૦૦-અન્ય ખર્ચ |
| પેટા સદર - | ૦૧- માહિતી પ્રોદ્યોગિકી |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૪/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-Apr-2025 (11:54 AM)

(કલ્પના રાણા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ગુજરાત સરકાર

<u>**નકલ રવાના:**</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ના.વિ.)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઇલ - ૨૦૨૫.